For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

શહેરના વિદ્યાર્થીઓએ ફરી એક વખત સમગ્ર દેશમાં ટોપ 50માં સ્થાન મેળવ્યું

આઈસીએઆઈ દ્વારા સીએ ઈન્ટરનું 18.86 % અને ફાઉન્ડેશનનું 23.42 % પરિણામ જાહેર

સીએ ઈન્ટરમાં 251 અને ફાઉન્ડેશનમાં 296 વિદ્યાર્થીઓ પાસ થયા, શહેરના ત્રણ વિદ્યાર્થીઓએ દેશના ટોપ 50માં પોતાનું સ્થાન મેળવ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા જાન્યુઆરીમાં લેવાયેલી સીએ ઈન્ટર અને ફાઉન્ડેશનના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ફરી એક વખત વડોદરાના વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયામાં સ્થાન મેળવ્યું હતું. ઈન્ટરનું 18.86 ટકા અને ફાઉન્ડેશનનું 23.42 ટકા પરિણામ નોંધાયું હતું.

આઈસીએઆઈ દ્વારા જાન્યુઆરીમાં લેવાયેલી સીએ ઈન્ટરમિડીએટ અને સીએ ફાઉન્ડેશનની પરીક્ષાના પરિણામ શુક્રવારે જાહેર કરવામાં આવ્યા હતા. ઈન્ટરમિડીએટમાં આ વખતે શહેરમાંથી 1331 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી 251 વિદ્યાર્થીઓ પાસ થયા છે.જેનું 18.86 ટકા પરિણામ નોંધાયું હતું. જ્યારે ઓલઓવર ઈન્ડિયાનું ઈન્ટરમિડીએટનું પ્રથમ ગ્રુપનું 13.96 ટકા ,દ્વિતીય ગ્રુપનું 15.54 ટકા અને બંને ગ્રુપના મળી 9.39 ટકા પરિણામ નોંધાયું હતું. જાન્યુઆરીમાં લેવાયેલી ઈન્ટરમિડીએટની પરીક્ષામાં શહેરના ત્રણ ટોપરોએ દેશના ટોપ 50માં પોતાનું સ્થાન મેળવ્યું હતું. જેમાં દ્રષ્ટિ જીજ્ઞેશ ગાંધી 451 માર્ક્સ સાથે ઓલ ઈન્ડિયામાં-21 અને સિટી રેન્ક 1, રેહાનખાન ફરીદખાન પઠાણ 446 માર્ક્સ સાથે ઓલ ઈન્ડીયા 26 અને સિટી રેન્ક 2 અને અમાન યુસુફઅલી ટીનવાલા 425 માર્ક્સ સાથે ઓલ ઈન્ડિયામાં 44 અને સિટી રેન્ક 3 સાથે સફળતા મેળવી હતી. જ્યારે સીએ ફાઉન્ડેશનમાં આ વખતે 1264 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી 296 વિદ્યાર્થીઓએ આ પરીક્ષા પાસ કરતા 23.42 ટકા પરિણામ નોંધાયું હતું. ફાઉન્ડેશનની પરીક્ષામાં વડોદરા શહેરમાંથી નિત્યા વ્રજેશ જોષીએ 347 માર્ક સાથે ઓલ

ઈન્ડિયામાં 347 માર્ક્સ સાથે 12મો રેન્ક અને સિટી રેન્ક 1 મેળવ્યો છે. જ્યારે અનિશા મંગલસિંહ રાજપુરોહિત 332 માર્ક સાથે સિટી રેન્ક 2 અને મોહમ્મદસિદ્ધિક બોમ્બેવાલાએ 329 માર્ક્સ સાથે સિટી રેન્ક 3 મેળવ્યો હતો. ઈન્ટર અને ફાઉન્ડેશનની પરીક્ષા પાસ કરતા વિદ્યાર્થીઓના પરિવારજનોમાં ખુશીની લહેર ફેલાઈ જવા પામી હતી. નોંધનીય છે કે, ગત સપ્તાહે ફાઈનલના પરિણામમાં પણ દેશના ટોપ 50ની હરોળમાં વડોદરાના 5 વિદ્યાર્થીઓએ સ્થાન મેળવી શહેરને ગૌરવ અપાવ્યું હતું.

ઘણા સમય પછી આવા રેન્ક્સ બરોડામાંથી આવ્યા એ આપણા માટે ખૂબ ગૌરવની વાત

જાન્યુઆરી 2026માં ત્રણ પરીક્ષા લેવાતી હોય છે. જેમાં ફાઈનલ, ફાઉન્ડેશન અને ઈન્ટરમિડીએટ. આજે ઈન્ટર અને ફાઉન્ડેશનનું પરિણામ આવ્યું છે. ગત અઠવાડિયે ફાઈનલનું પરિણામ આવ્યું હતું. આજના પરિણામમાં આખા ઈન્ડિયાનું ફાઉન્ડેશનનું 19 ટકા જ્યારે આપણું 23 ટકા ઉપર છે. ઈન્ટરમિડીએટમાં આખા ઈન્ડિયામાં 9 ટકા જેટલા વિદ્યાર્થી બોથ પાસ થયા છે. જ્યારે બરોડામાં 14 ટકા જેવા વિદ્યાર્થીઓ પાસ થયા છે. આપણું રિઝલ્ટ ખુબજ સારું છે. પ્રથમ વખત એવું થયું છે કે, ઓલ ઓવર ઈન્ડિયામાં ટોપ 50માં 5 બરોડાના હતા. જ્યારે ફાઉન્ડેશનમાં ટોપ 20 રેન્ક આપવામાં આવે છે એમાંથી 1 બરોડાનો છે. જે ખુબજ ગૌરવની વાત છે. : સીએ પ્રશાંત કોટેચા, ચેરમેન ICAI બરોડા બ્રાન્ચ

અભ્યાસ દરમિયાન બ્રેક લેતી ત્યારેજ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી

ઓલ ઈન્ડિયામાં મારો રેન્ક 21મો અને 600 માંથી મને 451 માર્ક્સ મળ્યા છે. સીટી ટોપર બની છું. મને ખુબ ખુશી છે. દરરોજના પાંચથી છ કલાક હું અભ્યાસ કરતી હતી ફોકસથી વાંચતી હતી જેટલું વાંચતી હતી એટલું ઈફેક્ટિવલી વાંચન હતું મારું. : દ્રષ્ટિ ગાંધી, એર-21

ડીઝલ પંપ મિકેનિકના પુત્રે ઈન્ટરમીડીએટમાં દેશમાં 26મો ક્રમાંક મેળવ્યો

સીએ ઈન્ટરમિડીએટની પરીક્ષા આપી, એમાં ઓલ ઈન્ડિયા રેન્ક 26મો અને બરોડામાં બીજો રેન્ક મળ્યો છે. મહેનત આટલી બધી કરી છે. જેનું આ પરિણામ મળ્યું છે. જેનો મને સંતોષ છે. આશરે સમગ્ર પરિવારને જાય છે સીએ હું એકલો કરી રહ્યો છું, પણ મારી સાથે સાથે આખું પરિવાર જોડાયેલો રહે છે. હું ગોધરાનો છું પણ મારા ફોઈની ત્યાં રહીને અભ્યાસ કરું છું. દરરોજનું વાંચન 12 કલાકનું થઈ જતું હતું. અમુક વખત પછી પણ જાય ફર્સ્ટ એટેમ્પ માં ઓલ ઇન્ડિયા રેન્ક મેળવવો એ મારો ગોલ હતો. મારા પિતા ડીઝલ પંપના મિકેનિક છે અને માતા હાઉસવાઈફ છે. આજે આ પરીક્ષા પાસ કરી છે મારા પરિવારમાં બધા ખૂબ જ ખુશ છે. : રેહાન પઠાણ,એર-26

ભગવાનના આશીર્વાદ વિના આ શક્ય ન હતું

ઓલ ઇન્ડિયામાં 12મો રેન્ક અને સીટી રેન્ક 1 સાથે ફાઉન્ડેશનની પરીક્ષામાં સક્સેસફૂલી રીઝલ્ટ સાથે પાસ થઈ છું. આ બધી જ ક્રેડિટ ભગવાનને જાય છે. કારણ કે, એમના આશીર્વાદ વગર આ શક્ય જ ન હતું. બીજો મારા માતા-પિતા અને મારી બહેનનો હું આભાર માનીશ, મારા મમ્મી દરરોજ હું કહું એ સમયે મને ઉઠાડતી હતી. એની ઊંઘ ભલે બગડે પણ એક પણ દિવસ મિસ કર્યા વગર એ મને દરરોજ જગાડતી હતી. : નિત્યા જોશી, એર -12

આઠથી દસ કલાકની સખત મહેનતે સફળતા અપાવી



329 માર્ક્સ આવ્યા છે. વડોદરામાં ત્રીજો ક્રમાંક મેળવ્યો છે. ક્લાસની સાથે ચારથી છ કલાક અને સેલ્ફ સ્ટડી આઠ થી દસ કલાક અભ્યાસ કરતો હતો. : મોહમ્મદસિદ્દીક બોમ્બેવાલા, સીટી રેન્ક -3

ટ્વીન્સ બહેનોએ સીએ ફાઉન્ડેશનની પરીક્ષા પાસ કરી

સીએ ફાઉન્ડેશનની પરીક્ષા આપી હતી. 400 માંથી 332 માર્ક્સ આવ્યા છે. વડોદરા રેન્ક 2 જો છે. મારી સાથે સાથે મારી સગી બહેન નિશાએ પણ આ પરીક્ષા ક્લિયર કરી છે. અમે ટ્વીન્સ બહેનો છે. અમે બંને અલગ અલગ રીતે જેમકે હું સવારે અને એ રાત્રે ભણતી હતી. આખો દિવસ આમતો અમે રૂમમાં બંધ થઈ જતા. નવેમ્બરથી મેં 10 થી 12 કલાક અભ્યાસ કરતી હતી. ઈન્સ્ટાગ્રામ જરા પણ ઉપયોગ કરતી ન હતી. : અનિશા રાજપુરોહિત

સ્થાનિકોની સમયસૂચકતાથી મોટી દુર્ઘટના થતા ટળી

અકોટાના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં ગેસ સિલિન્ડરની પાઈપ ફાટતા આગ,યુવક દાઝયો

ઈજાગ્રસ્ત યુવકને 108 મારફતે સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના બ્લોક નંબર 18માં રાંધણ ગેસના સિલિન્ડરની પાઈપ ફાટવાને કારણે આગ લાગવાની ઘટના બની હતી. આ દુર્ઘટનામાં એક યુવક દાઝી જતાં તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. ગેસ લીકેજ અને આગને પગલે સમગ્ર વિસ્તારમાં દહેશત અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

વડોદરા શહેરના અકોટા હાઉસિંગ બોર્ડના એક મકાનમાં રસોઈ બનાવવાની કામગીરી ચાલી રહી હતી. ત્યારે અચાનક ગેસ સિલિન્ડરની પાઈપ ફાટી ગઈ હતી. પાઈપ ફાટતાની સાથે જ ગેસ લીકેજ થયો હતો અને આગ ફાટી નીકળી હતી. આ અચાનક બનેલી ઘટનામાં ઘરમાં રહેલો મહેન્દ્ર નામનો યુવક હાથના ભાગે દાઝી ગયો હતો. આગ લાગતા જ આસપાસના રહીશો દોડી આવ્યા હતા.

સ્થાનિક યુવાનો અને પાડોશીઓએ હિંમત દાખવી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. લોકોની સમયસૂચકતાને કારણે આગ વધુ પ્રસરે તે પહેલા જ તેના પર નિયંત્રણ મેળવી લેવાતા મોટી દુર્ઘટના થતા ટળી હતી.

ઘટનાની જાણ થતા જ 108 એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ઈજાગ્રસ્ત યુવકને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યારે આ ઘટનાને પગલે આગની પલેટમાં ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી.

જૂની અદાવતમાં સોપારી અપાયાની શંકા

વડોદરામાં લગ્ન પ્રસંગમાં આવેલા મહારાષ્ટ્રના પત્રકાર પર જીવલેણ હુમલો

જે.પી. રોડ પોલીસે ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

સંસ્કારી નગરી વડોદરામાં લગ્ન પ્રસંગે હાજરી આપવા આવેલા મહારાષ્ટ્રના એક ક્રાઈમ રિપોર્ટર પર ત્રણ અજાણ્યા શખ્સોએ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. મુજમહુડા વિસ્તારમાં બનેલી આ ઘટના અંગે જે.પી. રોડ પોલીસે ગુનો નોંધી હુમલાખોરોની શોધખોળ શરૂ કરી છે. પત્રકારના જણાવ્યા મુજબ, મહારાષ્ટ્રમાં અગાઉ પ્રકાશિત કરેલા એક સમાચારની અદાવત રાખીને આ હુમલો કરવામાં આવ્યો છે. મહારાષ્ટ્રમાં ક્રાઈમ ન્યૂઝમાં પત્રકાર તરીકે કાર્યરત વિકાસ રામચંદ્ર જગતાપ ગત 6 માર્ચના રોજ વડોદરાના મુજમહુડા, ભૈરવનગર વિસ્તારમાં આવેલા એક ગ્રાઉન્ડમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવ્યા હતા. રાત્રિના સમયે ભોજન લીધા બાદ જ્યારે તેઓ હાથ ધોવા માટે ઉભા હતા, ત્યારે અચાનક પાછળથી ત્રણ અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતા. એક શખ્સે વિકાસભાઈને પાછળથી મજબૂત રીતે પકડી રાખ્યા હતા, જ્યારે અન્ય બે શખ્સોએ તેમને બેફામ માર મારવાનું શરૂ કર્યું હતું. અચાનક થયેલા હુમલાથી લગ્ન પ્રસંગમાં હાજર મહેમાનોમાં પણ ફાળ પડી હતી. પત્રકાર વિકાસ જગતાપે પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, આ હુમલો કોઈ આકસ્મિક ઘટના નથી પરંતુ પૂર્વ આયોજિત કાવતરું છે. તેમણે ગત 11 ફેબ્રુઆરીના રોજ મહારાષ્ટ્રના મુંબ્રા પોલીસ સ્ટેશન (થાણે) ખાતે નોંધાયેલી એક ફરિયાદ અંગે સમાચાર પ્રકાશિત કર્યા હતા. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, પત્રકારને સમાચાર બદલ સમાજમાંથી બહિષ્કૃત કરવાની ચીમકી પણ આપવામાં આવી હતી. આ હુમલો મહારાષ્ટ્રના જ શુભમ ઉર્ફે રાવણ અગીનાથ સિંધે નામના શખ્સે કરાવ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત, પત્રકાર પાસેથી ખંડણી વસૂલ કરવાનો પ્રયાસ થયો હોવાનો પણ ગંભીર આક્ષેપ ફરિયાદમાં કરાયો છે. પોલીસે વિકાસ જગતાપની ફરિયાદના આધારે ત્રણ અજાણ્યા શખ્સો સામે મારામારી, ધાક-ધમકી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

ગોરવા, સુભાનપુરા અને લક્ષ્મીપુરામાં કેમિકલયુક્ત દુર્ગંધથી હજારો લોકો પરેશાન

રાત્રિના સમયે વડોદરાનો પશ્ચિમ વિસ્તાર બને છે ઝેરી ગેસ ચેમ્બર

એલેમ્બિક વિસ્તારની કંપનીઓ શંકાના દાયરામાં સ્થાનિકોએ જનઆંદોલન અને PILની ચીમકી ઉચ્ચારી

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

સંસ્કારી નગરી વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગોરવા, સુભાનપુરા અને લક્ષ્મીપુરા સહિતના રહેણાંક વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી રાત્રિના સમયે ફેલાતો ઝેરી અને દુર્ગંધયુક્ત ગેસ નાગરિકો માટે આશીર્વાદને બદલે અભિશાપ બની રહ્યો છે. જવાબદાર ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદૂષણના નિયમોને નેવે મૂકીને હવામાં જે રીતે કેમિકલયુક્ત ગેસ છોડવામાં આવી રહ્યો છે, તેનાથી સ્થાનિક રહીશોના આરોગ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. આ મામલે સ્થાનિકોએ તંત્ર સામે મોરચો માંડતા ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, દરરોજ રાત્રે ચોક્કસ સમયે વાતાવરણમાં એવી તીવ્ર દુર્ગંધ ફેલાય છે કે ઘરમાં રહેવું પણ મુશ્કેલ બની જાય છે. આ ઝેરી હવાની અસરોને કારણે હજારો લોકોને શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં અસહ્ય બળતરા અને ચામડીના રોગો જેવી ફરિયાદો ઉઠી રહી છે. ખાસ કરીને નાનાં બાળકો અને વૃદ્ધો માટે આ પ્રદૂષિત હવા જીવલેણ સાબિત થઈ શકે છે. એલેમ્બિક વિસ્તારની આસપાસ આવેલી કેટલીક કંપનીઓ રાત્રિના અંધકારનો લાભ લઈ પ્રદૂષિત ગેસ હવામાં છોડતી હોવાના ગંભીર આક્ષેપો રહીશો દ્વારા કરવામાં આવ્યા છે. સ્થાનિક રહીશોએ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે સવાલ ઉઠાવતા જણાવ્યું છે કે, "શું નાગરિકોનું આરોગ્ય ઉદ્યોગોના નફા કરતા પણ સસ્તું છે?" તેમણે ચીમકી આપતા ઉમેર્યું છે કે, જો આગામી દિવસોમાં આ ઝેરી ગેસ છોડવાનું તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે અને કાયદેસરની કાર્યવાહી નહીં થાય, તો રહીશોને સાથે રાખીને ઉગ્ર જનઆંદોલન કરવામાં આવશે.

આગામી ત્રણ દિવસ હિટવેવની આગાહી

ગરમીના તાપમાનમાં વધારા સાથે પારો 39.4 ડીગ્રી પર પહોંચ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

ગરમીનો પ્રકોપ સતત વધી રહ્યો છે અને અનેક વિસ્તારોમાં કાળઝાળ ગરમી અનુભવાઈ રહી છે. હવામાન વિભાગ દ્વારા હીટવેવની આગાહી પણ કરવામાં આવી છે. ત્યારે, રવિવારે શહેરનું મહત્તમ તાપમાન 39.4 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 18.2 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 60 ટકા અને સાંજે 21 ટકા નોંધાયું હતું. હવામાનમાં આગામી દિવસોમાં મોટો ઉલટફેર જોવા મળી શકે છે.

વડોદરા સહિત 11 જિલ્લામાં હીટવેવ તેમજ વરસાદની પણ આગાહી કરવામાં આવતા બેવડી ઋતુનો લોકોએ સામનો કરવો પડશે. છેલ્લા બે દિવસથી વાતાવરણ બદલાયેલુ જોવા મળે છે લોકોને સવારના ઠંડકભર્યુ વાતાવરણ અને બપોરે ગરમી લાગી રહી છે. બેવડીઋતુની અસર જોવા મળી રહી છે. જેને લઇ લોકોના જનજીવન પ્રભાવિત થયા છે. આગામી 48 કલાક દરમિયાન વડોદરા સહિત રાજ્યના 11 જિલ્લાઓમાં હીટવેવની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે અને યલો એલર્ટ જારી કરાયુ છે.

ઉલ્લેખનીય છે કે હજુ તો એપ્રિલ-મે અને આખો જૂન મહિનો બાકી છે ત્યારે અત્યારથી તાપમાનનો પારો 40 ડીગ્રીને અડીને ઉભો છે ત્યારે શહેરીજનોએ પણ લૂ લાગવાના બનાવોમાં સાવચેતી રાખવી પડશે અને શક્ય હોય તો બપરો 12 થી 4 ના સમયગાળા દરમિયાન ઘરની બહાર નીકળવાનુ ટાળવુ જોઇએ તેવુ પ્રશાસન દ્વારા પણ જણાવાઇ રહ્યુ છે.

પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને જિલ્લા પ્રમુખ ડૉ. બી. જે. બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ નવી ટીમની રચના

વડોદરા જિલ્લા ભાજપમાં સંગઠનાત્મક નિયુક્તિઓ જાહેર

યુવા, મહિલા, કિસાન સહિત વિવિધ મોરચામાં નવા પ્રમુખ અને મહામંત્રીઓની નિમણૂક

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના માર્ગદર્શન તેમજ વડોદરા જિલ્લા પ્રમુખ ડૉ. બી. જે. બ્રહ્મભટ્ટના નેતૃત્વ હેઠળ વડોદરા જિલ્લામાં સંગઠનાત્મક નિયુક્તિઓ જાહેર કરવામાં આવી છે.

પ્રદેશ અને જિલ્લા નેતૃત્વ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ જિલ્લાના વિવિધ પદાધિકારીઓ અને મોરચાના હોદેદારોની નિમણૂક કરવામાં આવી હોવાનું જણાવાયું છે. જાહેર કરાયેલી યાદી અનુસાર જિલ્લા સંગઠનમાં ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી સહિત વિવિધ હોદ્દાઓ પર કાર્યકરોને જવાબદારીઓ સોંપવામાં આવી છે.

ઉપપ્રમુખ તરીકે મહેશભાઈ ત્રિવેણલાલ પટેલ (ડભોઇનગર), ગોપાલભાઈ લક્ષ્મણભાઈ દેવારી (વડોદરા), યોગપાલસિંહ ઉપેન્દ્રસિંહ ગોહેલ (વડોદરા), જગદીશભાઈ ભગવંતભાઈ પટેલ (સાવલી), નટવરભાઈ પરશોતમભાઈ રોહિત (વડોદરા), જશેશભાઈ ભીખાભાઈ વસાવા (શિનોર), ઉપલભાઈ નવીનભાઈ ગેડવી (વાઘોડિયા) અને ઈલાબેન શશિકુમાર વ્યાસ (દેસર)**ની નિમણૂક કરવામાં આવી છે. જિલ્લા મહામંત્રી તરીકે **યોગેશભાઈ પુષ્પવદન અધ્યારૂ (પાદરા નગર), જયદીપસિંહ વિજયસિંહ ચૌહાણ (કરજણ) અને વિવેકકુમાર નરેન્દ્રકુમાર પટેલ (વડોદરા)ને જવાબદારી સોંપવામાં આવી છે. જિલ્લા મંત્રી તરીકે હિતેનભાઈ રણછોડભાઈ પટેલ (ડભોઇ), શૈલેષસિંહ જશુભાઈ પરમાર (પાદરા), અશોકભાઈ દલપતભાઈ ગાંભરી (સાવલી), દક્ષાબેન ઉત્તમભાઈ ઠક્કર (વડોદરા), જયેશભાઈ નટવરદાસ પરમાર (કરજણ), પ્રિયંકાબેન તુલશીરામ પંચાલ (પાટણનગર), ફૂલાભાઈ નિરંજનભાઈ જોશી (વાઘોડિયા) અને મેઘાબેન બ્રજેશભાઈ પાઠક (સાવલીનગર)ની નિમણૂક કરવામાં આવી છે.

હર્ષ સંઘવીના હસ્તક્ષેપ અને ડૉ. વિજય શાહના પ્રયત્નોથી પરિવારને મળ્યો રાહતનો શ્વાસ

વડોદરામાં વિધર્મીની ચુંગાલમાંથી યુવતી સુરક્ષિત પરત

હિન્દુ સંગઠનો અને સમાજના આગેવાનોની એકતા, પોલીસ તંત્ર સક્રિય બનતા યુવતી પરિવાર સાથે ફરી મળી

સમા પોલીસ સ્ટેશન ખાતે દિવસભર સામાજિક આગેવાનો અને કાર્યકરોની હાજરી, અંતે રાત્રે પરિવારને સોંપાઈ દીકરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

વડોદરામાં એક વૈષ્ણવ હિન્દુ પરિવારની યુવતીને લગતા બનાવમાં આખરે રાહતનો અંત આવ્યો છે. ડેપ્યુટી ચીફ મિનિસ્ટર હર્ષ સંઘવીના હસ્તક્ષેપ અને શહેર ભાજપના પૂર્વ પ્રમુખ ડૉ. વિજય શાહના સતત પ્રયત્નોથી યુવતીને સુરક્ષિત રીતે પરિવારને પરત લાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ગુરુવાર 5 માર્ચના રોજ એક વિધર્મી યુવક યુવતીને ભોળવીને નિકાહ કરાવી પોતાના ઘરે લઈ ગયો હોવાનો આક્ષેપ પરિવાર દ્વારા કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા પરિવારજનોએ તરત જ સમા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી. જોકે શરૂઆતમાં કાર્યવાહી સંતોષજનક ન હોવાનું અનુભવાતા પરિવારજનોએ સમાજના આગેવાનોનો સંપર્ક કર્યો હતો. આ મામલે પૂજ્ય દ્વારકેશલાલજી મહારાજના માર્ગદર્શન હેઠળ વિશ્વ હિન્દુ પરિષદના રોહન શાહ અને VIPOના શશીકાંતભાઈ સાથે મળી શહેર ભાજપના પૂર્વ પ્રમુખ ડૉ. વિજય શાહને રજૂઆત કરવામાં આવી હતી. ડૉ. વિજય શાહે સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ શહેર પોલીસ કમિશનર અને જોઈન્ટ પોલીસ કમિશનર સાથે તાત્કાલિક સંપર્ક સાધ્યો અને યુવતીને પરિવારને પરત અપાવવાની માંગણી કરી હતી.

સાથે સાથે ધારાસભ્ય કેયુર રોકડિયાને પણ જાણ કરવામાં આવી હતી. પોલીસ કાર્યવાહી ધીમી હોવાની લાગણી થતાં ડૉ. વિજય શાહે સીધા ગુજરાતના ડેપ્યુટી ચીફ મિનિસ્ટર હર્ષ સંઘવીનો સંપર્ક કર્યો હતો. તેમના હસ્તક્ષેપ બાદ પોલીસ તંત્ર સક્રિય બન્યું અને સાંજે લગભગ 7 વાગ્યે યુવતી અંગે માહિતી મળી હતી.

પોલીસ દ્વારા યુવતીને પોલીસ હેડક્વાર્ટર ખાતે લાવવામાં આવી, જ્યાં પરિવારજનો સાથે વાતચીત બાદ યુવતી પરિવાર સાથે પરત આવવા તૈયાર થઈ હતી. અંતે રાત્રે લગભગ 10 વાગ્યે યુવતી સુરક્ષિત રીતે પરિવારને સોંપવામાં આવી હતી.

આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદ, હિન્દુ જાગરણ મંચ, ગૌ રક્ષા મંચ સહિત વિવિધ હિન્દુ સંગઠનોના કાર્યકરો તેમજ સમાજના આગેવાનો સમા પોલીસ સ્ટેશન ખાતે હાજર રહ્યા હતા. લગભગ 500 જેટલા કાર્યકરો અને આગેવાનો દિવસભર પોલીસ સ્ટેશન ખાતે રહી સમગ્ર પ્રક્રિયામાં સહયોગ આપતા રહ્યા હતા. પરિવારજનોએ જણાવ્યું હતું કે ડેપ્યુટી ચીફ મિનિસ્ટર હર્ષ સંઘવી, ડૉ. વિજય શાહ તેમજ વિવિધ હિન્દુ સંગઠનો અને સમાજના આગેવાનોના સંગઠિત પ્રયત્નોથી દીકરી સુરક્ષિત રીતે પરત મળી છે. પરિવારજનોએ તમામ સહયોગ આપનારાઓનો આભાર વ્યક્ત કર્યો છે.

સમયસર સારવાર મળી દર્દીઓના જીવન બચાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઇ

108 એર એમ્બ્યુલન્સ દ્વારા વડોદરાથી મુંબઈ દર્દીને તાત્કાલિક એર લિફ્ટ કરાયા

શ્વાસ સંબંધિત તકલીફને કારણે ભાઈલાલ અમીન હોસ્પિટલથી રિલાયન્સ હોસ્પિટલ, મુંબઈ ખાતે સારવાર માટે ખસેડાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

વડોદરાની ભાઈલાલ અમીન હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા હીનાબેન જીતેન્દ્રભાઈ ઠક્કર (વયઃ ૬૮ વર્ષ) ને ગંભીર શ્વાસ સંબંધિત તકલીફ (અસ્થમા) જણાતાં વધુ વિશેષ સારવાર માટે મુંબઈ સ્થિત રિલાયન્સ હોસ્પિટલ ખાતે ખસેડવાની જરૂરિયાત ઉભી થઈ હતી. તબીબી નિષ્ણાતોની સલાહ મુજબ દર્દીને ઝડપી અને સુરક્ષિત રીતે સ્થળાંતર કરવા માટે ૧૦૮ એર એમ્બ્યુલન્સ સેવા દ્વારા એર લિફ્ટ કરવામાં આવ્યા. વડોદરાથી મુંબઈ સુધીની સમગ્ર પ્રક્રિયા તબીબી ટીમની દેખરેખ હેઠળ સુચારૂ રીતે પૂર્ણ કરવામાં આવી હતી. દર્દીને જરૂરી જીવનરક્ષક સાધનો તથા તબીબી સુવિધાઓ સાથે એર એમ્બ્યુલન્સ મારફતે સલામત રીતે મુંબઈ પહોંચાડવામાં આવ્યા હતા. હાલ તેઓ રિલાયન્સ હોસ્પિટલ, મુંબઈ ખાતે નિષ્ણાત ડોક્ટરોની દેખરેખ હેઠળ સારવાર હેઠળ છે.

૧૦૮ ઇમરજન્સી સેવા દ્વારા ગંભીર પરિસ્થિતિમાં દર્દીઓને ઝડપી અને કાર્યક્ષમ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેના પરિણામે સમયસર સારવાર મળી દર્દીઓના જીવન બચાવવામાં મહત્વપૂર્ણ સહાય પ્રાપ્ત થઈ રહી છે.